Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com



॥ જય આશાપુરા મા કચ્છ-ભુજ ॥

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર Mo- 9016924808 સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-02, ISSUE- 31,(SURAT), DATE-22/01/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૩૧, (સુરત), તા.૨૨/૦૧/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 સાંસદ પ્રભુ વસાવાએ અધિકારીઓને ખાડા પુરવા અને ફૂટ ઓવરબ્રિજના કામો ઝડપી બનાવવા સૂચના આપી

3 છત્તીસગઢમાં કમાન્ડર જયરામ સહિત ૨૦ નક્સલ ઠાર, તેના માથે એક કરોડનું ઈનામ હતું

4 વડોદરા એરપોર્ટને સર સયાજીરાવ ગાયકવાડ નામ આપવાની માગ

## શ્રી રાજપૂત સમાજ પ્રગતિ મંડળ કોસંબા દ્વારા આયોજિત લગ્ન વિષયક પરિચય મેળાનું આયોજન કરવામાં આવ્યું

કોસંબા : પરિચય મેળાનો કાર્યક્રમ ભા.જ.પા.ના સુરત જિલ્લાના પૂર્વ પ્રમુખ દિલીપસિંહ રાઠોડના અધ્યક્ષ સ્થાને યોજાયો ઉપસ્થિત મહેમાનોમાં કોસંબા રાજપૂત સમાજ પ્રગતિ મંડળ ના સ્થાપક પ્રમુખ બહાદુર સિંહ ચૌહાણ કોસંબા રાજપૂત સમાજના અગ્રણી સાદુલસિંહ વશી, માંડવી વિભાગ રાજપુત સમાજના અગ્રણી વિપીનસિંહ મહિડા દક્ષિણ ગુજરાત શ્રી રાજપુત કરણી સેનાના પ્રમુખ મેહુલસિંહ દેસાઈ (બારડોલી) કોસંબા રાજપૂત સમાજ પ્રગતિ મંડળના પ્રમુખ ડો. રાજેન્દ્રસિંહ જશવંતસિંહ આલોજા ઉપસ્થિત રહ્યા હતા આ કાર્યક્રમમાં ટોટલ ૧૧૪ જેટલા અપરણિત છોકરા છોકરીઓ









ઓ હાજર રહ્યા હતા જેમાં ૪૦ છૂટાછેડા વાળા છોકરાઓ અને ૬ વિદુર છોકરાઓ ઉપસ્થિત રહ્યા છોકરીઓ માં ૫૦ જેટલા બાયોડેટા આવ્યા હતા અને ૧૮ થી ૨૫ જેટલી ટોટલ દીકરીઓ હાજર હતી બાકી દીકરીઓના વાલી હાજર હતા દીકરીઓમાં જેમાં ૧૧ જેટલી અપરિણીત દીકરી અને ૬ દિકરી છૂટાછેડા અને વિધવા દીકરી બા હાજર રહ્યા હતા.



આ પરિચય મેળામાં કુલ ૧૧ થી ૧૫ જેટલા યુવક યુવતીઓ વચ્ચે વેવિશાળ માટે પોઝિટિવ સંપર્કો થયા અને વાતચીતથતા વાત આગળ વધી છે.

વિવિધ જિલ્લા અને તાલુકા ના ગામોમાંથી આ પરિચય મેળામાં રાજપૂત સમાજ ના યુવક યુવતી અને તેમના વાલીઓ ખૂબ મોતી સંખ્યા મા ઉપસ્થિત રહ્યા શ્રી કોસંબા રાજપૂત સમાજ પ્રગતિ મંડળ તરફ થી લગ્ન વિષયક પરિચય માટે ઓનલાઇન વેબસાઈટ નું પણ લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. જેમાં ઓનલાઇન કેટેગરી વાઇસ બાયોડેટા ફોર્મ ભરી સરળતાથી ડિજિટલી સંપર્ક કરી શકાય છે. અને ડો. રાજેન્દ્રસિંહ આલોજા અને કોસંબા સમાજની ટીમ દ્વારા સમાજ સેવાના કાર્યક્રમને સફળ બનાવવા માટે ખૂબ જ મહેનત કરી આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## બારડોલી પોસ્ટ ઓફિસમાં ૨૬ મી એ ડાક ચૌપાલ યોજાશે

બારડોલી- ધી ચીફ પોસ્ટ માસ્ટર જનરલ, ગુજરાત સર્કલ, અમદાવાદ અને ધી પોસ્ટ માસ્ટર જનરલ, વડોદરા રીજીયન, વડોદરા દ્વારા આપેલ સુચના મુજબ બારડોલી પોસ્ટલ ડિવિજન દ્વારા તા. ૨૬.૦૧.૨૦૨૫ ના રોજ ૭૬ મા પ્રજાસત્તાક દિવસની ઉજવણીના ઉપક્રમે દરેક પોસ્ટ ઓફિસ જેવી કે હેડ પોસ્ટ ઓફીસ, સબ પોસ્ટ ઓફિસ અને બ્રાંચ પોસ્ટ ઓફિસ ખાતે ધ્વજ વંદન કાર્યક્રમ રાખવામા આવેલ છે અને સાથે સાથે જાહેર જનતા ના લાભાર્થે ડાક ચૌપાલ નુ પણ આયોજન કરવામાં આવેલ છે. ડાક ચૌપાલ એટલે પોસ્ટ ઓફિસમા આવતી દરેક યોજનાઓ જેવી કે વિવિધ નાની બચત યોજનાઓ, વિવિધ પોસ્ટલ વીમાની યોજનાઓ, વિવિધ સામાન્ય વીમો/ અકસ્માત વીમા ની યોજનાઓ, સામાજિક જવાબદારી ની યોજનાઓ (PMSBY/PMJJBY/APY) આધાર કાર્ડ અદ્યતન સેવાઓ, ઈન્ડિયન પોસ્ટ પેમેન્ટ બેંકની વિવિધ સેવાઓ, પોસ્ટ ઓફિસના ઓનલાઈન ખાતાકીય વ્યવહાર કઈ રીતે કરવા તે અંગેની વિગતવાર માહિતી ડાક ચૌપાલ મા આપવામાં આવશે. ડાક ચૌપાલના આયોજનનો મુખ્ય ઉદ્દેશ સામાન્ય લોકોને તેમની વચ્ચે જઈ પોસ્ટ ઓફિસની રોકાણ સંબંધિત વિવિધ યોજનાઓ અને અદ્યતન સેવાઓ વિશે માહિતગાર કરવાનો છે. ઉપરોક્ત વિષયના અનુસંધાને બારડોલી ડિવિઝનની દરેક પોસ્ટ ઓફિસ ખાતે તા. ૨૬ મી જાન્યુઆરીના રોજ ધ્વજ વંદન કાર્યક્રમ ની સાથે ડાક ચૌપાલ પણ આયોજન કરવામાં આવેલ છે જેનો લાભ લેવા માટે જાહેર જનતાને નમ્ર અપીલ કરાઈ છે.

## પલસાણામાં તમાકુ વિરોધી ઝુંબેશની સ્કવોડ દ્વારા કડક તપાસ

બારડોલી- જિલ્લા પંચાયત સુરત, આરોગ્ય વિભાગ,રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત સુરત જિલ્લા કક્ષાની સ્કવોડ ટીમે પલસાણા ખાતે તમાકુ વિક્રેતાઓ દ્વારા બિનઅધિકૃત રીતે તમાકુ વેચાણ કરનાર વેપારીઓ અને જાહેર સ્થળે ધૂમ્રપાન કરનારાઓને સ્થળ પર જ રૂ.૪૯૧૦ ના દંડની વસુલાત કરી હતી.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધીકારી અને ટોબેકો કંટ્રોલ પ્રોગ્રામના નોડલ ઓફિસર ડો. અનિલ બી. પટેલના માર્ગદર્શન હેઠળ તમાકુ વિરોધી ઝુંબેશ હાથ ધરી સિગારેટ એન્ડ અધર ટોબેકો પ્રોડ્ક્ટ એક્ટ- ૨૦03 ના સઘન અમલીકરણના ભાગરૂપે દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી. જિલ્લા કક્ષાની સ્કવોડ ટીમ એપિડેમીક મેડિકલ ઓફિસર ડો. કૌશિક મહેતા, પલસાણા તાલુકાનાં તાલુકા હેલ્થ ઓફિસર ડો. મધુકુમાર ઈન્જામુરી, રાષ્ટ્રીય તમાકૂ નિયંત્રણ કાર્યક્રમના કાઉન્સેલર કિર્તીરાજ સોલંકી, જિલ્લા સુપરવાઈઝર નિલેશભાઈ લાડ, અને પી. આઇ વિ. એલ. ગાગીયા, પો. કો. નિલેશજી ઠાકોર પલસાણા પોલિસના સહકારથી દંડ વસુલાતની કામગીરી કરવામાં આવી.

આ કામગીરી દરમિયાન તમાકુ વેચાણ કરતા વેપારીઓને સ્કવોડ ટીમ દ્વરા માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યું અને નિયમોનુસાર તમાકુ વેચાણ કરતી દુકાનો પર લગાવાના નિયત માપ પ્રમાણે સુચના બોર્ડ લગાવવાની સુચનાઓ આપવામાં આવી હતી.

## નિડર બને અને લીડર બનો, બાકી બધુ બાપુ પર છોડી દોઃ શંકરસિંહ

### વડોદરામાં પ્રજા શક્તિ ડેમોક્રેટીક પાર્ટીના શહેર કાર્યાલયનું ઉદઘાટન : વડોદરા એરપોર્ટનું સર સયાજીરાવ નામકરણ કરવા માંગ








નવા ઉમંગ, નવા ઉત્સાહ અને નવા સિંચાર સાથે ગુજરાતના રાજકીય મેદાન પર ઉતરી પડેલા પૂર્વ મુખ્યમંત્રીએ વડોદરામાં તેમની પાર્ટીનાં નવા કાર્યાલયનું ઉદઘાટન કરીને મહિલાઓની રાજનીતિમાં ભાગીદારી પર વિશેષ ભાર મુક્યો હતો. મહિલાઓની ભાગીદારી વધે તો ભ્રષ્ટાચાર પર અંકુશ મુકી શકાય એવું બાપુનું માનવું છે.

ગુજરાતના યુવાઓથી માંડીને વૃદ્ધ તેમજ મહિલાઓમાં લોકપ્રિયતા ધરાવતા બાપુએ આક્રમક શૈલીના દર્શન કરાવતા જણાવ્યું ૩, આજના યુવાનો આવતીકાલના દેશના નેતા છે. તેઓ ભારતના ભવિષ્ય છે એટલે કોઈપણ તાકતોથી ડરવાની જરૂર નથી. યુવાઓ તેમજ મહિલાઓમાં જોશ ભરતા બાપુએ કહ્યું કે 'નિડર બનો, લીડર બનો, બાકી બધુ બાપુ પર છોડી દો'. બાપુએ કહ્યું કે '૨૪ બાય ૭ હું તમારા માટે અવેલેબલ છું. ગમે ત્યારે જરૂર પડશે હું તમારી સાથે છું. બાપુના જોશીલા ભાષણ બાદ વડોદરામાં મોટી સંખ્યામાં યુવાઓ તેમજ મહિલાઓ પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટી (અંગ્રેજીમાં પીપલ્સ પાવર પાર્ટી) માં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો અને પીપીપીની સદસ્યતા ગ્રહણ કરી હતી. બાપુએ કહ્યુંકે, ગુજરાતની મુખ્ય પાર્ટીઓનું પ્રમુખપદ, મુખ્યમંત્રી પદ કેન્દ્રીમંત્રી પદ, વિદ્યાનસભામાં વિપક્ષાનું નેતાપદ જેવી મહત્વપૂર્ણ જવાબદારી સ્વીકાર્યા પછી કોઈ લોકોને એવું લાગતું હોય કે બાપુ આ ઘરડી ઉંમરે ફરીથી કઈક પામવા માટે રાજકીય મેદાનમાં કુદી પડ્યાં છે તો એ તેમની ભૂલ છે. ઈશ્વરનું આપેલું બધુ જ છે તેમજ ખુબ સુખી છે પરંતુ લોકોની વેદના સાંભળીને બાપુ ફરીથી ઘરની બહાર નિકળ્યા છે. બાપુને કોઈ પદ કે હોદાની લાલચ નથી. તેમણે ઉમેર્યું કે આ પાર્ટી લોકોને તેમના પાવર અપાવવા માટે પ્રતિબદ્ધતા જાહેર કરે છે અને આગામી સમયમાં પીપીપી એક વિશેષ કદ સાથે લોકોની વચ્ચે આવશે એ નિશ્ચિત છે.

**ગુજરાતના યુવાઓથી માંડીને વૃદ્ધ તેમજ મહિલાઓમાં લોકપ્રિયતા ધરાવતા બાપુએ આક્રમક શૈલીના દર્શન કરાવતા જણાવ્યું 3, આજના યુવાનો આવતીકાલના દેશના નેતા છે.**







ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA

(WEEKLY)-SURAT

## કીમ ચોકડી પાસે ગેરકાયદે ગેસ રીફીલીગનો પર્દાફાશ:પરવાના વગર ધંધો ચલાવતા દુકાન માલિકની ધરપકડ,રૂ. ૭૬ હજારનો મુદ્દામાલ જપ્ત



મંગરોળના કીમ વિસ્તારમાં એસઓજી પોલીસે ગેરકાયદેસર ગેસ રીફીલીંગની પ્રવૃત્તિનો પર્દાફાશ કર્યો છે.પોલીસને મળેલી બાતમીના આધારે કીમ ચોકડી નજીક દાળમીલ તવક્કલ નગર ખાતે દરોડો પાડવામાં આવ્યો હતો.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે દુકાન માલિક બજરંગલાલ સુગનારામ જાટ કોઈપણ પ્રકારના કાયદેસર પરવાના વગર ગેસ રીફીલીંગનું જોખમી કાર્ય કરી રહ્યો હતો. આ ગેરકાયદેસર પ્રવૃત્તિથી આસપાસના રહેવાસીઓની જિંદગી જોખમમાં મૂકાઈ રહી હતી. એસઓજી શાખાના કિરણ સિંહ,અમૃત ભાઈ અને ગિરિરાજ સિંહના ને મળેલ બાતમીના આધારે કરવામાં આવેલી કાર્યવાહીમાં સ્થળ પરથી ગેસ બાટલાઓ, પાઇપ અને વજન કાંટો સહિત કુલ રૂ. ૭૬,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. કીમ રોડ પર રહેતા આરોપી બજરંગલાલની ધરપકડ કરી લેવામાં આવી છે અને પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

## તાપીમાં રાજયકક્ષાનો ૭૬ મો પ્રજાસત્તાક દિવસ:કલેક્ટરે વિવિધ સમિતિઓની રચના કરી

### સફળ આયોજન માટે માર્ગદર્શિકા જાહેર કરી



તાપી (વ્યારા)- તાપી જિલ્લામાં ૭૬મા પ્રજાસત્તાક દિવસની રાજયકક્ષાની ઉજવણીના સફળ આયોજન માટે જિલ્લા કલેક્ટર ડો. વીપીન ગર્ગની અધ્યક્ષતામાં મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી આ બેઠકમાં વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી હતી.

કલેક્ટરે જનમેદની, ધ્વજવંદન, રહેઠાણ અને ભોજન સમિતિઓના લાયઝન અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી. દરેક સમિતિના નોડલ અધિકારીઓ અને સભ્યોને ચોક્કસ જવાબદારીઓ સોંપવામાં આવી છે. સાથે જ તમામ વિભાગો વચ્ચે સુચારુ સંકલન જળવાય તે માટે વિશેષ સૂચનાઓ આપવામાં આવી છે.

નિવાસી અધિક કલેક્ટર આર. આર. બોરડે એ રૂટ સુપરવાઈઝરોની નિમણૂક અને તેમની ફરજો અંગે માર્ગદર્શન આપ્યું હતું.

વાલોડ તાલુકામાંથી મહત્તમ લોકભાગીદારી સુનિશ્ચિત કરવા, જનમેદનીની વ્યવસ્થિત ગોઠવણ, પ્રવેશદ્વારથી પાર્કિંગ સુધીની તમામ વ્યવસ્થાઓની ચકાસણી અને અન્ય આવશ્યક સુવિધાઓ પર વિશેષ ધ્યાન આપવાની સૂચના આપવામાં આવી છે.

આ વર્ષની ઉજવણીને યાદગાર બનાવવા અને નાગરિકોને શ્રેષ્ઠ અનુભવ પ્રદાન કરવા માટે તંત્ર દ્વારા સર્વગ્રાહી આયોજન કરવામાં આવ્યું છે. તમામ અધિકારીઓને પોતાની જવાબદારીઓ પ્રત્યે સજાગ રહેવા અને સમયસર કામગીરી પૂર્ણ કરવા સૂચના આપવામાં આવી છે.

## બારડોલીથી ૧૦ કિમીની ત્રિજયામાં આવતા ગામોનો કચરો હવે ડમ્પિંગ સાઇટ પર જશે



બારડોલી- બારડોલી નગરપાલિકાની કારોબારી મિટિંગમાં ૧૦ કિમીની ત્રીજયામાં આવતા ગામનો કચરો પાલિકાની ડંપિંગ સાઈડમાં લેવાનો સરકારના પરિપત્ર આધારે કચરાના પ્રોસેસિંગ કરવાનો ખર્ચ પાલિકા કરતું હોય, માટે ગ્રામ પંચાયત પાસે ટનનો ભાવ લેવા બાબતે અને વર્ષ ૨૦૨૫-૨૬નું બજેટ અંગેની ચર્ચા કરવામાં આવી હતી. બારડોલી નગરપાલિકાની કારોબારી મિટિંગ અધ્યક્ષ જગદિશભાઈ પાટિલના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં વિવિધ સમિતિના અધ્યક્ષના વિકાસના કામોને મંજૂરી આપી હતી, જે આગામી સામાન્યસભામાં ચર્ચા કરી મજૂરી આપવામાં આવશે.

જયારે સરકારે બ વિભાગની પાલિકાના ૧૦ કિમીની ત્રીજયામાં આવતા ગામોનો કચરો પાલિકાને ડમ્પીંગ સાઈડ પર લેવા માટેના પરિપત્ર આધારે, કચરાના પ્રોસેસિંગ માટે ગ્રામ પંચાયત પાસે ટન કચરાના રૂપિયા વસૂલવા બાબતે ચર્ચા કરવામાં આવી હતી, પાલિકાની આજુ બાજુ ૩૩ ગામો આવે છે. જયારે નગરમાં વિકાસના કામના ૨૩ ટેન્ડર અંગે ચર્ચા કરી, મંજૂર કરવામાં બાબતે ચર્ચા કરી બહાલી આપવા નક્કી કરાયું હતું. જયારે વર્ષ ૨૦૨૫-૨૬નું નગરનું બજેટ અંગે ચર્ચા કરી મંજૂરી માટે આગામી સામાન્ય સભામાં મંજૂરી માટે મૂકવામાં આવશે.

## નવા/જુના વાહનોની લે-વેચ કરનારાઓએ લે-વેચની વિગતો પોલીસ સ્ટેશન તથા મામલતદારને જમા કરાવવી

**તાપી-** તાપી જિલ્લામાં નવા/જુના વાહનોની થતી લે-વેચની વિગતવાર માહિતી રેકર્ડ ઉપર રહે તે માટે યોગ્ય નિયંત્રણ રાખવું જરૂરી જણાતા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ આર.આર.બોરડે એક જાહેરનામું બહાર પાડી જરૂરી વિગતો તૈયાર કરી પોલીસ સ્ટેશન અને મામલતદાર કચેરીમાં જમા કરાવવા જણાવ્યું છે.

જાહેરનામામાં જણાવ્યા અનુસાર તાપી જિલ્લામાં તમામ નવા/જુના વાહનોની લે-વેચ કરતા તેમજ આ વેપાર-ધંધા સાથે સંકળાયેલા તમામ ડીલરો, બ્રોકર, એજન્ટ, દલાલ, મીકેનીક તથા પેઇન્ટર વગેરેએ હાલ સુધીમાં નવા/જુના વાહનોની કરેલ લે-વેચની હકીકત તૈયાર કરી સંબંધિત પોલીસ સ્ટેશન તથા મામલતદારને દિન-૭માં આપવાની રહેશે.

વધુમાં નવા/જુના વાહનોની લે-વેચ કરતા તેમજ આ વેપાર-ધંધા સાથે સંકળાયેલા તમામ ડીલરો, બ્રોકર, એજન્ટ, દલાલ, મીકેનીકતથા પેઇન્ટર વગેરે હવે પછી નવા/જુના વાહનોની લે-વેચ કરે તો તેની હકીકત તૈયાર કરી સંબંધિત પોલીસ સ્ટેશન, સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, તાપી તથા સંબંધિત મામલતદારને દિન-૭ માં નિયત નમૂનામાં આપતા રહેવાનું રહેશે. આ હુકમ તા. ૦૯.૦૩.૨૦૨૫ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર સજાને પાત્ર થશે.

## સાંસદ પ્રભુ વસાવાએ અધિકારીઓને ખાડા પુરવા અને ફૂટ ઓવરબ્રિજના કામો ઝડપી બનાવવા સૂચના આપી





બારડોલી- માંડવી પ્રાંત કચેરી ખાતે બારડોલી સાંસદ પ્રભુભાઈ વસાવાની અધ્યક્ષતામાં નેશનલ હાઇવે નં. ૫૬ અને ૪૮ની સમસ્યાઓ અંગે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં નેશનલ હાઇવે ૫૬ને ભરૂચથી કેવડિયા એન.એચ.એ.આઈ.ને સોંપવામાં આવ્યો હોવાથી પેચવર્કમાં વિલંબ થયો હોવાનું સામે આવ્યું હતું. જો કે, હવે ટૂંક સમયમાં ખાડા પુરવાનું કામ શરૂ થશે તેવી ખાતરી અધિકારીઓએ આપી હતી.

માંડવીના ગરેડિયા નાકાથી બિરસામુંડા સર્કલ સુધી ડિવાઇડર સહિતના માર્ગની દરખાસ્ત કરવાની સૂચના આપવામાં આવી હતી. મુંબઈ-અમદાવાદ નેશનલ હાઇવે ૪૮ અંગે સાંસદે પ્રોજેક્ટ ડાયરેક્ટર અને તેમની ટીમ સાથે સાવા ઓવરબ્રિજથી સિસોદ્રા સુધીના વિવિધ સ્થળોની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે દાદા ભગવાન મંદિર (કામરેજ), અંકડામુખી હનુમાન મંદિર (કડોદરા) અને કાલા ઘોડા (પલસાણા) ખાતે ફૂટ ઓવરબ્રિજનું કામ ઝડપથી શરૂ કરવા સૂચના આપી હતી.

બેઠકમાં એન. એચ. એ. આઈ. ના પ્રોજેક્ટ ડાયરેક્ટર, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વડોદરાના અધિક ઇજનેર, કાર્યપાલક ઇજનેર (ભરૂચ), નાયબ કાર્યપાલક ઇજનેર (માર્ગ અને મકાન, માંડવી), જમીન સંપાદન અધિકારી (સુરત), મામલતદાર (માંડવી) સહિત સ્થાનિક પદાધિકારીઓ હાજર રહ્યા હતા.

## ઝોનલ લેવલ અબેકસ એન્ડ મેન્ટલ એરીથમેટિક સ્પર્ધામાં ૨૨ ટ્રોફી સાથે બેસ્ટ પર્ફોર્મર એવોર્ડ પ્રાપ્ત કરી શાંતારામ ભટ ઇંગ્લિશ મિડીયમ સ્કૂલ મોતા વિજેતા બની










**બારડોલી-** બારડોલી ના મોતા કેળવણી મંડળ સંચાલિત શ્રી શાંતરામ ભટ્ટ ઇંગ્લીશ મીડીયમ સ્કુલ મોતાના વિદ્યાર્થીઓએ એ તા. ૧૯/૦૧/૨૦૨૫ ના રોજ વિદ્યાકુંજ સ્કૂલ,નવસારી ખાતે ક્યુબેટીક એજ્યુટેક પ્રાઇવેટ લિમિટેડ બેંગ્લોર સ્થિત અબેક્સ ટ્રેનિંગ પ્રોગ્રામ ચલાવતી સંસ્થા દ્વારા ત્રીજી ઝોનલ લેવલ અબેક્સ એન્ડ મેન્ટલ એરીથમેટીક સ્પર્ધા નું આયોજન કરાયું હતું. જેમા સમગ્ર દક્ષિણ ગુજરાતમાંથી ૫૦૦ થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેમાં ૭ થી ૧૪ વર્ષના બાળકોએ ૮ મિનિટમાં સરવાળા, બાદબાકી ગુણાકાર અને ભાગાકારના ૨૦૦ દાખલા સોલ્વ કર્યા હતા.

આ સ્પર્ધામાં મુખ્ય અતિથિ તરીકે શ્રીજી સ્વામિનારાયણ સ્કૂલના સ્વામીજી, વિનોદભાઈ નાયક, રિટાયર્ડ ક્લાસ ટુ ઓફિસર પરમાર સર, પી. વી. લખાણી ઇંગ્લીશ મીડીયમ સ્કૂલના ડાયરેક્ટર, સુરેશ તિવારીજી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અબેક્સ મેન્ટલ મેથેમેટિક્સથી એક્યુરેસી, મેમરી તેમજ ટાઇમ મેનેજમેન્ટ જેવા પાસાઓ નો વિકાસ થાય એ કારણે જ શાળા દ્વારા ગણિત વિષય માં રસ આવે એ માટે આ વર્ગો ચલાવવામાં આવે છે.

આ સ્પર્ધામાં અમારી શાળાના ૩૩ વિદ્યાર્થીઓ એ ભાગ લીધો હતો. જેમા AU ૨ અને A૨ ગ્રુપ માં ૯ અને ૧૦ વર્ષના બાળકો AU૩, A ૩ ગ્રુપ માં ૧૧ થી ૧૪ વર્ષના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં તીવ્ર હરીફાઈમાં **અલગ અલગ વિભાગમાં ૨૨ બાળકો રનર્સ અપ થયાં હતા.**

**જેમના નામ નીચે મુજબ છે.**

**AU- ૨ વિભાગ**

૧) પટેલ એની પ્રજ્ઞેશભાઈ
૨) આહિર પ્રીત નુતનકુમાર
૩) દરજી યુગ પ્રવીણભાઈ

**AU- ૩ વિભાગ**

૧) ટીનવાલા શબ્બીર હુસેન
૨) આહિર ચાર્મી દિનેશભાઈ
૩) ચૌધરી દીપેશ્રી ભુપતભાઈ
૪) રબારી શ્રીયા મેહુલકુમાર

**A-2 વિભાગ**

૧) પટેલ ક્રિશ બલરામ
૨) ચોટવાડીયા તેજ અશ્વિનકુમાર
૩) પટેલ અવયુક્ત યોગેશભાઈ
૪) ટેલર જિશાન જીગ્નેશભાઈ

**A-3 વિભાગ**

૧) ગજ્જર નીલ રાહુલભાઈ
૨) આહિર નક્ષ ગીરીશભાઈ
૩) માલ્વી દૈવ્યાન પ્રિતેશ
૪) જોષી માહી ધવલ
૫) બારીક હિર બીભૂતિભૂષણ
૬) વાંસીયા પરીના ગૌરવકુમાર
૭) મહેતા મલય જયેશભાઈ
૮) પટેલ આદિ તરુણકુમાર
૯) ધીનૈયા કૃતિકા અશોકકુમાર
૧૦) પંચાલ પલ મયંકકુમાર
૧૧) પ્રજાપતિ વિશ્વા કમલેશકુમાર

તેમજ ૧૧ બાળકો ટોપ ટેન માં ક્વોલિફાઈડ થયાં હતા.

આગળ વધીને આ બાળકોએ સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું સૌ શિક્ષક મિત્રોએ અને શાળા પરિવારે આવા બાળકોની અને શિક્ષકોની મહેનતને બિરદાવી હતી.સમગ્ર શાળામાં હર્ષનું વાતાવરણ સર્જીને ખાસ કરીને બાળકો ગણિતમાં વધારે રુચિ રાખે એ માટેનું એક પ્લેટફોર્મ તૈયાર થયું એ સૌએ અનુભવ્યું હતું.

તેમજ શાળાને ઝોનલ લેવલ માં ૂચહહ ાયરિજ્ઞળિશક્ષલ તભવજ્ઞજ્ઞહ નો એવોર્ડ એનાયત થયો હતો. આ તમામ બાળકોને મહેનત કરાવનાર ઝંખનાબેન ઠાકોરને બેસ્ટ ઇન્સ્ટ્રક્ટર નો એવોર્ડ એનાયત થયો છે. આ તમામ બાળકો, વાલીમિત્રો અને શિક્ષકોને મોતા કેળવણી મંડળના પ્રમુખ નવીનભાઈ પટેલ, મંત્રી રમેશભાઈ પટેલ, તથા કેળવણી મંડળના સર્વ સભ્યો તેમજ શાળા ના આચાર્ય એ પણ અભિનંદન પાઠવ્યા હતા.

## ૧૮ દિવસમાં દીપડાએ ૧૫૦ કિમીની સફર કરી ફરીથી પોતાની હોમ રેન્જમાં આવ્યો; તમામ ગતિવિધિઓ પર અભ્યાસ



સુરત-દક્ષિણ ગુજરાતમાં પ્રથમ વાર દીપડાને રેડિયો કોલર લગાડવામાં આવ્યું છે. ૧૮ દિવસ પહેલા આ રેડિયો કોલર દીપડાને લગાડવામાં આવ્યું હતું, જેના થકી સુરત વન વિભાગને જાણકારી મળી છે કે, દીપડાને જયાં પણ છોડવામાં આવે તે પોતાના હોમ રેન્જમાં પાછો આવી જાય છે. જે દીપડાને રેડિયો કોલર લગાડવામાં આવ્યું છે, તે ૧૮ દિવસમાં ૧૫૦ કિલોમીટર ચાલી અને ફરીથી પોતાના હોમ રેન્જમાં આવી ગયો છે. આ દરમિયાન તેણે બે વખત નદી પાર કરી અને ઉકાઈ ડેમ નજીકથી પણ પસાર થયો છે.

દીપડાને બેહોશ કરી રેડિયો કોલર લગાવાયું સુરત જિલ્લામાં લગભગ ૧૦૪થી પણ વધુ દીપડાઓ છે. માણસ અને દીપડાઓ વચ્ચે અવારનવાર સંઘર્ષ થતો રહે છે. શહેરી વિસ્તારમાં પણ દીપડો દસ્તક આપી ચૂક્યો છે, તેથી તેની મૂવમેન્ટ પર નજર રાખવા માટે દક્ષિણ ગુજરાતમાં પ્રથમવાર એક દીપડાના ગળામાં રેડિયો કોલર લગાડવામાં આવ્યું છે. પહેલા તેને બેહોશ કરી અને ત્યાર પછી આ રેડિયો કોલર લગાડવામાં આવ્યું. ત્યાર પછી તેને માંડવીથી ૫૦ કિલોમીટર દૂર ઉમરપાડા વિસ્તારમાં છોડવામાં આવ્યો હતો.

૧૮ દિવસથી સતત દીપડા પર નજર સ્થાનિક લોકો માને છે કે, દીપડાને દુર છોડવામાં આવે તો તે પરત આવતા નથી. આ દીપડાને લગાડવામાં આવેલા રેડિયો કોલરના માધ્યમથી સુરત વન વિભાગ રિસર્ચ પણ કરી રહ્યું છે. બે જાન્યુઆરીના રોજ આ દીપડાને રેડિયો કોલર લગાડવામાં આવ્યું હતું. ૧૮ દિવસથી સતત તેની ઉપર નજર રાખવામાં આવી રહી છે. જયાંથી આ દીપડો પકડાયો હતો, ત્યાંથી ૫૦ કિલોમીટર દૂર તેને છોડવામાં આવ્યો હતો.

દીપડાએ બે વખત તાપી નદી પણ પાર કરી રેડિયો કોલરની મદદથી સેટેલાઇટ ઈમેજ મારફતે તેની પળપળની વિગતો મોબાઈલ પર વન વિભાગના અધિકારીઓ મેળવી રહ્યા છે. આ દરમિયાન ચોંકાવનારા તથ્ય વન વિભાગને જાણવા મળ્યા છે. રિસર્ચ દરમિયાન વન વિભાગને જાણકારી મળી છે કે, જયારથી દીપડાને રેડિયો કોલર લગાવીને છોડવામાં આવ્યો છે, ત્યારથી અત્યાર સુધી તે ૧૫૦ કિલોમીટર દૂર સફર કરી ચૂક્યો છે. એટલું જ નહીં, બે વખત તાપી નદી પણ પાર કરી છે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......



તંત્રી- હિમાંશુસિંહ ઠાકોર

### તમારા ભાણામાં શું છે? કેમિકલ કે કુદરત?

જમાનો ઝડપથી બદલાઇ રહ્યો છે. ખાવાપીવાની વસ્તુઓમાં પણ કપડાં અને મોટરોની જેમ બ્રાન્ડનો જમાનો આવી ગયો છે. તમે ખરીદેલી ખાવાપીવાની વસ્તુઓમાં સત્ત્વ કેટલું ને ટી.વી કે અખબારમાં આવતી જાહેરાતોની અસર કેટલી એ ખરેખર ચર્ચાનો વિષય બની શકે. આકર્ષક રંગરૂપ અને સુંદર પેકેજિંગ હોય, એમાં વળી કોઇ ભેટયોજનાઓ હોય ત્યારે માણસના મો મા પાણી આવી જાય અને તે બ્રાન્ડે ડ ખાદ્ય પદાર્થોનો શિકાર બનતો જાય એ હવે શક્ય છે.

એક સમય હતો કે ખેતરમાં પેદા થયેલા તેલિબિયાં ગામના ઘાંચીને ત્યાં પીલાવા આવે અને તેમાંથી નીકળેલું તેલ જેવું હોય એવી જ સ્થિતિમાં આપણા વડીલો ઘરના વાસણમાં લઇ આવતાં. ખાવા પીવાની અન્ય વસ્તુઓમાં પણ ખેડૂત, ઉત્પાદક અને ગ્રાહક વચ્ચે સ્થાનિક ધોરણે વાતચીતનો સંબંધ અને આંખની શરમ રહેતી. હાલમાં આવો જ પ્રયોગ ઉત્તર કોલકતામાં શોભાબજાર નજીક આવેલી કોલોનીમાં યોજાયેલા મેળામાં જોવા મળ્યો,જયાં સ્થાનિક ખેડૂતો અને ઉત્પાદકો પોતાને ત્યાં ઉગાડેલા શાકભાજી ,ચોખા અને સ્થાનિક ફળફૂલમાંથી બનાવેલા મધ અને જામ, તેમ દ રસાયણ વગરના ગોળ, જેવી અનેક ખાવાપીવાની ચીજો સીધા ગ્રાહકોને વેચતા હોય. અલબત્ત આ વસ્તુઓ આકર્ષક પેકેટમાં પ્રાપ્ય ન પણ હોય, પરંતુ તેની ગુણવત્તા વિશે તમે નિશ્ર્ચિંત રહી શકો ખરા. કારણ કે, આવા મેળોત્સવનો મેળ બેસાડવામાં ત્યાંની પ્રતિષ્ઠિત ડેવલપમેન્ટ રિસર્ચ કોમ્યુનિકેશન એન્ડ સર્વિસીઝ સેન્ટર અને ભૂમિકા નામની એક સંસ્થા સાથે મળીને કામ કરે છે. ખેડૂતો અને ગૃહ ઉત્પાદકોનો ગ્રાહક સાથે સીધો સંબંધ બાંધવો, તેમને યોગ્ય ભાવ અપાવવાં અને ખાવાપીવાની વસ્તુઓ શુદ્ધ અને સત્વશીલ હોય, છેતરપીંડી કે ભેળસેળ ન હોય તેનું ધ્યાન અને નિયંત્રણ રાખવું આ જ તેમનો હેતુ છે.

સલામત વિશ્ર ઉત્સવ નામે ઓળખાતો આ મેળો ખરેખર ખેડૂતો અને ગ્રાહકોની સલામતી માટે કામ કરતો અને છેલ્લા એક વર્ષથી કોલકતા અને પશ્ર્ચિમ બંગાળના વિવિધ વિસ્તારોમાં યોજાતો રહેતો આ મેળો લોકોમાં લોકપ્રિય બનતો જાય છે. દિવસભર માલ વેચાય અને સાંજે ભૂમિકા ના સ્થાપક અંશુમાન દાસ સ્ટેજ પરથી લોકોને ખોરાક પદ્ધતિ વિશે ઉપયોગી વાતો જણાવે. તેઓ કહે છે,૩લોકો તંદુરસ્તી અને સલામત ખોરાક વચ્ચેનો સંબંધ બરાબર સમજતાં જ નથી. અસલામત ખોરાક જ શરીરના અનેક રોગોનું મૂળ કારણ છે. આ વાતનું ઉદાહરણ આપતાં તેઓએ ખૂબ સરસ વાતો કહી તે દરેક વાચકોએ યાદ રાખવા જેવી છે. તેઓ કહે છે કે અસલી રાઇનું તેલ ક્યારેય એટલી બધી તીવ્ર ગંધ ધરાવતું હોતું નથી કે નથી હોતું ક્રીસ્ટલ કલીયર (પારદર્શી) જેટલો દાવો જાહેરાતોમાં કરવામાં આવે છે. પણ બ્રાન્ડેડ આઇટમોમાં આવું જ બધું હોય છે.

કારણ કે તમે એવું આકર્ષક તત્ત્વ અને એવી સુગંધ ઇચ્છો છો. બજારમાં મળતા બ્રાન્ડેડ મધ શા માટે એક સરખો જ સ્વાદ ધરાવતો હોય છે તેમનો તમને કદી વિચાર આવ્યો છે? ખરેખર તો મધ વિવિધ પ્રકારના ફૂલોમાંથી બને છે એટલે દરેકના રંગ,ગંધ અને સ્વાદ હકીકતમાં અલગ હોય છે. એટલે હવે તમે જયારે કોઇ ખાવાપીવાની ચીજો ખરીદો ત્યારે એ કેટલી સલામત છે, ક્યાં અને કેવી રીતે ઉગાડવામાં આવે છે, ખેડૂતોને તમે ખરીદેલી વસ્તુઓથી કેટલા પૈસા મળતા હશે એ બધી વાતોનો પણ અવશ્ય વિચાર કરજો એમ દાસ ભારપૂર્વક કહે છે. તમે કેમિકલવાળો બ્રાન્ડેડ માલ સુપર માર્કેટમાંથી ઉઠાવો છો એની છપાયેલી કિંમત ચૂપચાપ કોઇ પણ દલીલ વિના ચૂકવી દો છો,પણ ખેડૂતો જોડે ભાવની રકઝક કરવા બેસો છો. તેમનું ધ્યાન રાખવું એ આપણી ફરજ છે જેઓ આપણા સ્વાસ્થ્યનું ધ્યાન રાખે છે. આવા ઉત્સવો યોજવાનું કારણ એ જ છે કે ગ્રાહક અને ખેડૂતો એકબીજા સાથે જોડાય.

બીજું, સ્થાનિક પેદાશોમાંથી બનેલી અનેક પારંપરિક અને સાત્વિક વાનગીઓ જે દાદીમાના સમયમાં બનતી હતી અને હાલ ભૂલાતી જાય છે એવી ઘણી બધી વેરાયટીઓ તમારી નજર સમક્ષ બને અને ખાવા કે ચાખવા મળે તે પણ આ મેળાનું એક આકર્ષણ હોય છે.

ઈનોવા કાર ભાડે થી મળશે
૫-સિટર
૭-સિટર

સંપર્ક- અનિલભાઈ
મો.97242 60058



સંપર્ક–મિતેશ દેસાઈ
Mo-9879518431
બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

## છત્તીસગઢમાં કમાન્ડર જયરામ સહિત ૨૦ નકસલ ઠાર, તેના માથે એક કરોડનું ઈનામ હતું



છત્તીસગઢના ગારિયાબંદમાં છેલ્લા ૩૬ કલાકથી નક્સલવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે ચાલી રહેલી અથડામણમાં કુલ ૨૦ નક્સલવાદીઓ માર્યા ગયા છે. સુરક્ષા દળોએ મોટાપ્રમાણમાં હથિયારો પણ જપ્ત કર્યા છે. કુલ્હાડીઘાટના ભાલુડિગ્ગીના પહાડો પર સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ જારી છે.

અથડામણ બાદ હાથ ધરાયેલા સર્ચ ઓપરેશનમાં ગઈકાલે બે નક્સલવાદીઓના શબ મળ્યા હતા. જેમાં એક મહિલા સામેલ હતી. ૨૧ જાન્યુઆરી, ૨૦૨૫ સવારે વધુ ૨૦ નક્સલવાદીઓના શબ કબજે કરી લેવાયા છે.

તેમની પાસેથી અનેક ઓટોમેટિક હથિયારો પણ મળી આવ્યા છે. સૂત્રો અનુસાર, ઓડિશા સ્ટેટના નક્સલવાદી ચીફ કે જેના માથે એક કરોડનું ઈનામ છે તે જયરામ ઉર્ફે ચલપતી પણ ઠાર થયો છે. સીસીએમ મનોજ અને ગુડ્ડુ પણ માર્યા ગયા હોવાના અહેવાલ છે.

આ અથડામણમાં એક સુરક્ષાકર્મી ઘાયલ થયો છે.

## ભર ઉંઘમાં સુતેલા મોટા ભાઇની ગળું દબાવી હત્યા બાદ ભાઇ ફરાર

સોનગઢ- ઉચ્છલ તાલુકાના આમકુટી ગામે રહેતાં અંજનાબહેન કૃષ્ણભાઇ વસાવાના પરિવાર જનો ખેતીની સાથોસાથ મત્સ્યપાલનની સાથે સંકળાયેલા છે અને એક સાથે રહે છે. શનિવારે અંજનાબહેન અને તેમનાં પતિ કૃષ્ણભાઇ મહાદુભાઈ વસાવા તથા નણંદ મંજુલાબહેન નારણપુર ગામે મેળામાં ગયાં હતાં.ત્યાંથી પરત ઘરે આવ્યા ત્યારે અંજના બહેન અને તેમની નણંદ વચ્ચે કોઈ બાબતે બોલાચાલી થઇ હતી.આ વખતે અંજનાબહેનનો દિયર આકાશ મહાદુભાઇ વસાવા એકદમ ગુસ્સામાં ત્યાં આવ્યો હતો.તેણે પોતાની ભાભી અંજનાબહેન ને કહ્યું કે તમે ઘર ના બધા જ લાકડાં વેચી નાખ્યા છે અને મારું ઘર બનાવવા માટે કેમ લાકડાં રાખ્યા નથી.જેથી અંજનાબહેને કહ્યુ કે આ વિશે મને કોઈ જાણ નથી.આ સાંભળતા જ આકાશ એકદમ ઉશ્કેરાઈ ગયો હતો તેણે ભાભી અંજના બહેન ઝઘડો કરી એમને હાથ વડે માર માર્યો હતો.આ વખતે દિયરના માર થી બચવા માટે અંજનાબહેને પોતાનાં પતિ કૃષ્ણભાઇ ને બૂમ પાડી હતી.જો કે મેળામાં ફરવાના લીધે લાગેલ થાક ને કારણે તેઓ પલંગમાં ઘસઘસાટ ઊંઘતા હોય તેઓ ઉઠ્યા ન હતાં.

આ વખતે આરોપી આકાશ વસાવા અચાનક પલંગમાં સૂતેલા મોટાભાઈ કૃષ્ણભાઇ મહાદુભાઈ વસાવા પાસે પહોંચી ગયો હતો.તેણે ઉશ્કેરાટમાં આવી જઈ પલંગમાં સૂતેલા મોટાભાઇ નું બે હાથ વડે જોરદાર રીતે ગળું દબાવી દીધું હતું અને નાસી ગયો હતો.આ અંગે જાણ થતાં તેના અન્ય ભાઈઓ દોડી આવ્યાં હતાં અને બેભાન થઈ ગયેલા કૃષ્ણભાઇ ને તાકીદે હોસ્પિટલમાં લઈ ગયા હતા પણ ફરજ પરના ડોકટરે તેમને તપાસી મરણ પામેલા જાહેર કર્યા હતાં. ઘટના અંગે ઉચ્છલ પોલીસમાં આકાશ મહાદુ વસાવા સામે હત્યાનો ગુનો દાખલ કરાયો છે. લાકડા વેચી મારવા જેવી સાવ સામાન્ય વાતે રોષે ભરાયેલા નાનાભાઇએ મોટાભાઈ ની ગળું દબાવી હત્યા થઈ જતાં ભોગ બનનારના ત્રણ બાળકોએ પિતાની છત્રછાયા ગુમાવી દીધી હતી.

## ઉંચામાળા નજીક વોટ્સએપ પર ચાલતા જુગાર પર રેઇડ



વ્યારા- તાપી એલસીબી અને પેરોલ ફર્લો સ્કોર્ડના પોલીસ માણસો સાથે વ્યારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા.તે દરમ્યાન સાથેના હે.કો.ભુપેન્દ્રસિંહ મહોબતસિંહ બાતમી મળી હતી કે, કાકરાપાર વિસ્તારમાં ઉચામાળા ગામ ખાતે કાકરાપાર ટાઉન શીપની બાજુમાં આવેલ નરસિંહ નગરમાં રહેતો રાકેશભાઈ આધારભાઈ ભોઈ નામનો ઇસમ પોતાના ઘરના બહાર બેસી મોબાઇલ ફોન ઉપર મુંબઈથી નિકળતા વરલી મટકાના હારજીતના આંકડા ઉપર જુગાર રમાડે છે. જે બાતમી આધારે પો.સ.ઇ.એન. જી. પાંચાણી, એલ.સી.બી. તાપી નાઓ એલ.સી.બી.તાપી તથા પેરોલ- ફર્લો સ્કોર્ડ તાપીના પોલીસ માણસો સાથે બાતમીવાળી જગ્યાએ રેઇડ કરી આરોપી રાકેશભાઇ આધારભાઇ ભોઇ ઉ.વ.૪૦ રહે.નરસિંહ નગર ગામ- ઉચામાળા કાકરાપાર ટાઉનશીપની બાજુમાં તા.વ્યારા જી.તાપી નાઓ વગર પાસ પરમીટે મુંબઈથી નિકળતા વરલી મટકાના જુગારના આંકડાનો જુગાર મોબાઇલ ફોનના વોર્ટસેપ ચેટમાં લઇ રમી રમાડી રોકડા રૂપીયા ૪૦.૫૬૦ તથા મોબાઇલ નંગ-૦૧, કિ.રૂ.3000 મળી કુલ્લે રૂ.૪૩૫૬૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી અન્ય ચાર આરોપીઓને વોન્ટેડ જાહેર કરાયો છે.

## તડકેશ્વરમાંથી ૨૪ લાખથી વધુનો વિદેશી દારૂ પકડાયો



માંડવી- માંડવી તાલુકાના તડકેશ્વર ગામ આગળ સુરત જિલ્લા એલસીબીએ બાતમીને આધારે વોચ ગોઠવી ૨૪ લાખથી વધુના મુદ્દામાલ સાથે વિદેશી દારૂ ઝડપાયો હતો એલસીબી પોલીસને ખાનગી બાતમી મળી હતી કે પલસાણાના સાકી ગામ ખાતે રહેતો રાજમલ ઉર્ફે રાજુ ચુનીલાલ સાગરીતો દ્વારા તડકેશ્વર ગામની સીમા સીમમાં તાજ પ્લાયવુડ ઇન્ડસ્ટ્રીઝ તરફ જતા કાચા રસ્તા ઉપર મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો આઇસર ટેમ્પામાં મંગાવી સગે વગે કરવાની પેરવીમાં છે

આ બાતમીના આધારે સમગ્ર ટીમ સાથે રેડ કરતા આઇસર ટેમ્પો પ્લાસ્ટિક એર બબલના રોલની આડમાં છુપાવેલો વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો હતો વિદેશી દારૂ ઉપરાંત અન્ય મુદ્દા માલ સાથે ૨૪ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત લઇ વિદેશ દારૂ મંગાવનાર રાજમલ તથા આઇસર ટેમ્પાના ડ્રાઇવર અને વિદેશી દારૂ મોકલનાર ને વોન્ટેડ જાહેર કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## વ્યારા નગરમાં ભારે અને મોટા વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ




**તાપી-** વ્યારા નગરના જુના બસ સ્ટેન્ડથી મેઇન રોડબજાર થઇ જવાહર ચોકપોલીસ ગેટ સુધી તથા જુના બસસ્ટેન્ડ થઇ બેક રોડ-સુરતી બજાર, કાપડ બજાર થઇ જવાહર ચોક પોલીસ ગેટ સુધીના રસ્તાના વિસ્તારોમાં સમગ્ર દિવસ દરમિયાન વધુ પ્રમાણમાં ટ્રાફિક રહે છે. પીક અવર્સ દરમિયાન ટ્રાફિકની ઘણી મુશ્કેલીઓ પડે છે. આ સમય દરમિયાન ઉપરોક્ત વિસ્તારમાં માલવાહક ભારે વાહનોનો પ્રવેશ થવાથી ટ્રાફિકની સમસ્યા વધુ વિકટ બને છે.

પરિણામે જાહેરજનતાને અવર-જવર કરવામાં પણ હાડમારી વેઠવી પડે છે. જે ને લઇ તાપી જિલ્લાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ આર.આર.બોરડે જાહેરનામું બહાર પાડી વ્યારા નગરના જુના બસસ્ટેન્ડ થી મેઇન રોડ બજાર થઇ જવાહર ચોક પોલીસ ગેટ સુધી અને જુના બસસ્ટેન્ડ થઇ બેક રોડ-સુરતી બજાર, કાપડ બજાર થઇ જવાહર ચોક પોલીસ ગેટ સુધીના રસ્તાના વિસ્તારોમાં દરરોજ સવારે ૦૮:૦૦ કલાકથી સાંજે ૨૦:૦૦ કલાક સુધીના સમય દરમિયાન માલ વાહતુક, ટ્રાન્સપોર્ટના ભારે વાહનો જેવા કે ટ્રક, ટેમ્પો, ટ્રેકટર કે અન્ય મોટા વાહનોના પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આવશ્યક સેવાના વાહનો, ઇમર્જન્સી સેવાઓ અને આરોગ્ય વિષયક સેવાઓને લગતા વાહનોની અવર જવરને આ જાહેરનામું લાગુ પડશે નહિ. આ જાહેરનામું તા. ૦૯.૦૩.૨૦૨૫ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર સજાને પાત્ર થશે.

## પીએમ આવાસના લાભાર્થીનો સર્વે તલાટીની જગ્યાએ અન્યની નિમણૂંક કરવા માંગણી



કુકરમુંડા- તાપીના કુકરમુંડા તાલુકામાં આવેલ ૧૯ જેટલી ગ્રામ પંચાયતોમાં સમાવેશ ગામડાઓમાં કાચા મકાન ધરાવતા ગરીબ પરિવારોને પ્રધાન મંત્રી આવાસ યોજના હેઠળ લાભ આપવા માટે હાલ સર્વેની કામગીરી ચાલી રહી છે. જે સર્વેની કામગીરીમાં તલાટી ક્રમ મંત્રીઓને પણ સોપવામાં આવેલ છે. પરંતુ તલાટી ક્રમ મંત્રીઓ પાસે વધારે કામગીરી હોવાના કારણે પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓની સર્વે કરવાની સોપેલી કામગીરીને રદ કરીને તેમની જગ્યાએ બીજા અન્ય કર્મચારીઓ નિમણુંક કરવામાં આવે તેવી માંગ સાથે કુકરમુંડા તાલુકા પંચાયતના પ્રમુખ અમરસિંગભાઈ પુંજર્યાભાઈ પાડવી દ્વારા તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજુઆત કરી છે. તા. પં. ના પ્રમુખે લેખિતમાં જણાવ્યા અનુસાર સમગ્ર ગુજરાત સહિત તાપી જિલ્લાના છેવાડાના ૧૯ ગ્રામ પંચાયતો ધરાવતો કુકરમુંડા તાલુકામાં સમાવેશ ગામડાઓમાં કાચા મકાનો ધરાવતા ગરીબ કુટુંબ પરિવારોને પ્રધાનમંત્રી આવાસ યોજનામાં સમાવેશ કરવા માટે સરકાર દ્વારા હાલમાં સર્વેની કામગીરી ચાલી રહી છે.

જેમાં કુકરમુંડા તાલુકાના ગામડાઓમાં તલાટી ક્રમ મંત્રી સહીત અન્ય કર્મચારીઓને સર્વેની કામગીરી સોપવામાં આવી છે. પરંતુ તલાટી ક્રમ મંત્રીઓ પાસે કામગીરી વધારે હોવાના કારણે તલાટી ક્રમ મંત્રીઓ પ્રધાન મંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓની સર્વેની કામગીરીમાં સમયસર પહોંચી શકતા નથી. તેમજ સર્વેની કામગીરી સાથે સાથે બીજી અન્ય કામગીરીમાં ઉપર પણ માઠી અસર પડી રહી છે. ગામડાઓના લોકોઓની બીજી અન્ય સરકારી કામગીરી સહીત અમુક જરૂરી કામગીરી પણ થઈ રહી નથી. જેથી પ્રધાન મંત્રી આવાસ યોજના હેઠળ લાભાર્થીઓનું સર્વેની કામગીરીમાં તલાટી ક્રમ મંત્રીને રદ કરીને તેમની જગ્યાએ અન્ય કર્મચારીઓની નિમણુંક કરવામાં આવે તેવી માગ કરી છે.

Date-22/01/2025 Wednesday

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# નર્સિંગની વિદ્યાર્થિનીઓની શિષ્યવૃત્તિ રદ કરાતાં વ્યારામાં આક્રોશ રેલી, ૨૬ મીએ CMના કાર્યક્રમમાં જવાની ચીમકી

તાપી (વ્યારા)- રાજયભરમાં નર્સિંગ, ડિપ્લોમા, ફાર્મસી સહિતમાં અભ્યાસ કરતા આદિજાતિના વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ આપવાનું બંધ કરવામાં આવ્યું છે. જેના વિરોધમાં આજે વ્યારા ખાતે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને કોંગ્રેસના ધારાસભ્ય અનંત પટેલની આગેવાનીમાં જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ દરમિયાન વિદ્યાર્થીઓએ વિશાળ રેલી યોજી સરકાર સામે નારેબાજી પણ કરી હતી. સાથે જ આગામી પ્રજાસત્તાક પર્વમાં મુખ્યમંત્રી સમક્ષ જાહેર કાર્યક્રમમાં વિરોધ કરવામાં આવશે તેમજ જણાવ્યું હતું.

બીજું સત્ર શરુ થવા છતાં સરકારે સ્પષ્ટતા કરી નથી વિદ્યાર્થિનીઓએ આવેદનમાં જણાવ્યું હતું કે, આદિજાતિ વિભાગમાંથી દર વર્ષે ડીગ્રી ઈજનેરી, ડીપ્લોમાં ઈજનેરી, નર્સિ,. ફીઝિયોથેરાપી સહિતની ટેક્નીકલ-પ્રોફેસનલ કોર્સિસની ખાનગી કોલેજોમાં ચાલુ વર્ષે મેનેજમેન્ટ ક્વોટા-વેકેન્ટમાં પ્રવેશ મેળવનાર આદિજાતિ એટલે કે એસટી કેટેગરીના હજારો વિદ્યાર્થીઓનું ભવિષ્ય જોખમમાં




મુકાયું છે. સરકારે આ વર્ષથી મેનેજમેન્ટ-વેકેન્ટ કવોટામાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ નહીં આપવાનો ઠરાવ કર્યો છે. પરંતુ આ ઠરાવ કેન્દ્રીય પ્રક્રિયા પૂરી થયા બાદ ઓક્ટોમ્બરમાં કર્યો હતો, જેને પગલે કોલેજો-વિદ્યાર્થીઓ દ્વારા ઉગ્ર વિરોધ કરાયો હતો અને ઉગ્ર અંદોલન કરવા છતાં પણ સરકારે બીજું સત્ર શરુ થવા છતાં હજુ સુધી આ મુદ્દે કોઈ સ્પષ્ટતા કરી નથી કે કોઈ ઠરાવ કર્યો નથી. આ સંદર્ભ વધુમાં જે નિર્ણય ટૂંક સમયમાં ન લેવાય તો આદિવાસી વિદ્યાર્થીઓનું ભવિષ્ય જોખમમાં મુકાય તેમ છે માટે અમારી રજૂઆતને ધ્યાને લઇ તાત્કાલિક નિર્ણય કરવામાં આવે.

સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર વ્યારામાં નર્સિંગ વિદ્યાર્થિનીઓએ આજે વિશાળ રેલી યોજી હતી. તેમજ પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ ચાલુ કરો, જય આદિવાસી, હાય રે સરકાર તેમજ હમ હમારા હક માંગતે હૈ, નહીં કિસેસે ભીખ માંગતે, સરકાર હમસે ડરતી હૈ- પુલિસ કો આગે કરતી હે નારેબાજી કરી હતી.

# વડોદરા એરપોર્ટને સર સયાજીરાવ ગાયકવાડ નામ આપવાની માગ

## પ્રજાશક્તિ ડેમોક્રેટિક પાર્ટીના કાર્યાલયનું પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાના હસ્તે ઉદ્ઘાટન

### પાર્ટીના ઉમેદવારો આગામી કોર્પોરેશનની ચૂંટણી લડશે

વડોદરામાં આજે થવતેશ્વર કમ્પાઉન્ડ ખાતે પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટીનું માજી મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાના હસ્તે કાર્યાલયનું ઉદ્દઘાટન કર્યું હતું. તેમણે કહ્યું હતુ કે, સર સયાજીરાવ ગાયકવાડે વડોદરાને પણું આપ્યું છે. ત્યારે વડોદરા હરણી એરપોર્ટનું નામ સર સયાજીરાવ ગાયકવાડ આધવા માંગણી કરી હતી. પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં સરકાર જેવું છે જ નહીં. આજે રાજયના વિવિધ શહેરોમાં પાર્ટીના કાર્યાલયોની શરૂઆત કરવામાં આવી છે. ભાજપા અને

કોગ્રેસ વિષે કંઈ કહેવા માંગતો નથી. કાર્યક્રમની શરૂઆત અગાઉ પૂર્વ વડાપ્રધાન ડો. મનમોહનસિંહ




અને હોડી દુર્ઘટનામાં અવસાન પામેલા ૧૨ બાળકો અને બે શિક્ષિકાઓને બે મિનીટનું મૌન પાડી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. પ્રજા શક્તિ પાર્ટીના કાર્યકરોને સંબોધતા પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું કે, સર સયાજીરાવ ગાયકવાડે વડોદરાને અનેકગણું આપ્યું છે. ત્યારે વડોદરા હરણી એરપોર્ટનું નામ સર સયાજીરાવ ગાયકવાડ આપવા માંગણી અને લાગણી વ્યક્ત કરી હતી. સાથે આ અંગેનો ઠરાવ કરી ભારત સરકારને પત્ર લખવા રાષ્ટ્રીય અધ્યક્ષ ડો. રાજેન્દ્રસિંહ રાઠોડને સુચન કર્યું હતું.

આ પ્રસંગે પ્રજા શક્તિ પાર્ટીના અધ્યક્ષ ડો. રાજેન્દ્રસિંહ રાઠોડે જણાવ્યું હતુ કે, આગામી કોર્પોરેશનની ચૂંટણી સહિત આવી રહેલી ચૂંટણીમાં પ્રજા શક્તિ પાર્ટીના ઉમેદવારો ચૂંટણી મેદાનમાં ઉતરશે.

# વાહનો અને ભંગાર માટે ૧ લાખની ડિપોઝિટ જરૂરી, ૨૭ જાન્યુઆરીએ સવારે ૧૦ વાગ્યે યોજાશે

કડોદરા GIDC પોલીસ સ્ટેશન દ્વારા કબ્જે કરવામાં આવેલા વાહનો અને ભંગારની જાહેર હરાજી આગામી ૨૭ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ સવારે ૧૦ વાગ્યે યોજાશે. હરાજીમાં ભાગ લેવા ઇચ્છતા વ્યક્તિઓ માટે ૧૮ થી ૨૬ જાન્યુઆરી દરમિયાન બપોરે ૧૧થી સાંજે ૬ વાગ્યા સુધી ફોર્મ ભરવાની વ્યવસ્થા કરવામાં આવી છે.



પોલીસ ઇન્સ્પેક્ટર બી.ડી. શાહના જણાવ્યા અનુસાર, હરાજીમાં ભાગ લેવા માટે દરેક વ્યક્તિએ રૂ. ૧ લાખની રિફન્ડેબલ ડિપોઝિટ જમા કરાવવી પડશે. સાથે જ આધારકાર્ડ, પાનકાર્ડ અને પાસપોર્ટ સાઈઝનો ફોટો જમા કરાવવો આવશ્યક છે. વ્યાપારીઓ માટે GST નંબરની પ્રમાણિત નકલ પણ જરૂરી છે, કારણ કે માત્ર GST ધારક વ્યાપારીઓને જ હરાજીમાં ભાગ લેવાની મંજૂરી આપવામાં આવશે.

હરાજી પહેલાં ઇચ્છુક વ્યક્તિઓ કડોદરા GIDC પોલીસ સ્ટેશન ખાતે જઈને વાહનો અને ભંગારનું નિરીક્ષણ કરી શકશે. હરાજી મંજૂર કરવી કે નહીં તેનો આખરી નિર્ણય હરાજી કમિટી પાસે રહેશે. આ હરાજી સુરત ગ્રામ્ય પોલીસના કડોદરા GIDC પોલીસ સ્ટેશન દ્વારા આયોજિત કરવામાં આવી છે.

# પલસાણામાં ૧.૨૩ કરોડનો મુદ્દામાલ જપ્ત, ૩૯ હજાર કિલો જ્વલનશીલ પ્રવાહી સાથે ૩ આરોપી ઝડપાયા




બારડોલી- સુરત જિલ્લાના પલસાણા વિસ્તારમાં પોલીસે મોટી સફળતા મેળવી છે. પોલીસે તરાજ ગામથી સામરોદ જતા રોડ પર દરોડો પાડીને કેમિકલની ચોરી કરતા ત્રણ આરોપીઓને રંગેહાથ ઝડપી પાડ્યા છે. પકડાયેલા આરોપીઓમાં આસિફ રસીદ શેખ (૩૫ વર્ષ), ટેન્કરના ચાલક સંજયકુમાર અનિલભાઈ બિન્દ્ (૨૬ વર્ષ) અને મનીલાલ પંચમરામ બિન્દ્ (૪૮ વર્ષ) નો સમાવેશ થાય છે. પોલીસની કાર્યવાહી દરમિયાન ૭૨.૯૭ લાખ રૂપિયાની કિંમતનો ૩૯,૨૬૭ કિલોગ્રામ જવલનશીલ પ્રવાહીનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. આ ઉપરાંત બે ટેન્કર, ૫૦ પ્લાસ્ટિકના બેરલ અને બંને ટેન્કરોમાંથી મળેલી બિલ્ટી સહિત કુલ ૧.૨૩ કરોડ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

પોલીસે આ ગંભીર ગુનામાં સંડોવાયેલા આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. આ કેસમાં વધુ તપાસ ચાલી રહી છે, જેમાં અન્ય કોઈ સંડોવણી કે નેટવર્ક છે કે કેમ તે દિશામાં પણ તપાસ કરવામાં આવી રહી છે.

# વાંસદા-ગાંધીનગર મિની લકઝરી બસ કન્ટેનર સાથે અથડાતાં એક મુસાફરનું મોત, ૪ ઘાયલ

કોસંબા ગામની સીમમાં મોડી રાત્રે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે નંબર ૪૮ પર વાંસદાથી ગાંધીનગર જતી મિની લક્ઝરી બસ (નંબર DD-01-V-9434) એક કન્ટેનર (નંબર NL-01-AH-2140) સાથે ધડાકાભેર અથડાઈ હતી.



અકસ્માતમાં બસમાં સવાર મજીદભાઈ માલજીભાઈ દેસાઈ (ઉંમર ૪૭, રહે. કેસબંધ ગામ, તા. સુબીર, જિ. ડાંગ) નું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું, જયારે અન્ય ચાર મુસાફરોને ગંભીર ઈજાઓ થતાં ભરૂચ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ઘટના ચાંદની હોટલની સામે બની હતી, જ્યાં બસ ચાલકે પૂરઝડપે વાહન હંકારતા આગળ જતા કન્ટેનર સાથે અથડામણ થઈ હતી. અકસ્માતના પગલે હાઈવે પર લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો. સ્થાનિક પોલીસ અને જિલ્લા ટ્રાફિક પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. કોસંબા પોલીસે કલાકોની જહેમત બાદ બંને અકસ્માતગ્રસ્ત વાહનોને ખસેડી ટ્રાફિક પરિસ્થિતિ સામાન્ય કરી હતી.

# પરબમાં નજીવા ઝઘડામાં કારીગર પર ચાકુથી હુમલો

આંબોલી- કામરેજ વિસ્તારના ઔધોગિક એકમોમાં મજૂરી કરતા કારીગરે સામાન્ય બાબતે બોલાચાલીમા વચ્ચે પડેલા કારીગર પર ચાકુથી હુમલો કરતા ત્રણ સામે પોલીસ ફરિયાદ થઈ હતી. મૂળ યુ.પી ના પ્રયાગરાજનો વતની ૨૩ વર્ષીય હિતેશ નરેશસિંહ પરબના જી.એમ ટેક્ષટાઇલ્સ પાર્કની જય શીયારામ ફેબ્રિકમાં મશીન ઓપરેટર છે. રવિવારે નાઇટ શીફ્ટમાં નોકરી દરમ્યાન અન્ય કારીગર રાજેશ બંસલાલ બહારથી અંદર આવતા અજાણતા હિતેશનો હાથ તેને અડી ગયો હતો.જેથી તેણે ગાળો આપતા હાથ અજાણતા અડ્યો હોવાની વાત કરતા ઉશ્કેરાય ગાળો આપી અન્ય મિત્રોને બોલાવી માર માર્યો હતો.

વચ્ચે પડી અન્ય મિત્રો છોડવતા હતા જે દરમ્યાન રાજેશના અન્ય રણજીત નામના મિત્રએ વચ્ચે છોડાવવા પડેલા સોહનસિંહને પીઠમાં ચપ્પુ મારી દીધું હતું. મારામારી દરમ્યાન સુરજીત સોમનાથ સહિતના મિત્રો માર મારતા ભોગ બનેલાએ બૂમો પાડતા ખાતાના અન્ય કારીગરો દોડી આવી બચાવ્યા હતા. આજે તો બચી ગયા અમારા હાથમાં આવશો તો જાનથી મારી નાખીશુંની ધમકી ઉચ્ચારી ફરાર થયા હતા. ઇજાગ્રસ્ત સોહનને ખાનગી વાહન મારફતે સ્મીમેર હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરાયો હતો.

# કીમ ઓવરબ્રિજ નજીક રાત્રીના ત્રણ કાર ભટકાતા અકસ્માત

કીમ- ઓલપાડના કીમ ગામે બ્રિજ ઉતરતાજ ત્રણ કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો.જોકે કોઈને ઇજા ન પહોચતા સ્થાનિકો તેમજ કાર સવારોએ રાહતનો શ્વાસ લીધો હતો.ઓલપાડ તાલુકાના કીમ ગામે ઓવરબ્રિજ પાસે રાત્રીના ત્રણ કાર એકબીજા સાથે ભટકાતા અકસ્માત સર્જાયો હતો. રાત્રીના સમયે ફોરચ્યુનર કાર, ઇકો કાર તેમજ બોલેરો કારનો ટ્રિપલ અકસ્માત થયો હતો.

રાત્રીના ટ્રાફિક પણ આ સ્થળે રહેતો હોય ત્યારે અનેક વાહનો પુરપાટ ઝડપે બ્રિજ પર ચઢતા હોય તેમજ આંબેડકર સર્કલ પાસે પણ વાહનોનો ટ્રાફિક રહેતો હોય તો બીજી તરફ બ્રિજ પરથી પુરપાટ વાહનો પૂર્વ વિભાગમાંથી બ્રિજ પરથી આવતા હોય છે ત્યારે ઉપરોક્ત વાહનો પણ એકાએક કારચાલકોની ઓચિંતી બ્રેક અને પુરપાટ ઝડપે રોંગ સાઈડ જતા એક બીજા સાથે એક પછી એક ત્રણ કાર ભટકાય હતી.જોકે સદર અકસ્માત ત્રણેય કારને વધતા ઓછા અંશે નુકશાન થયું હતું. જોકે કોઈને ઇજા થઇ ન હતી. જેથી વાહનચાલકો તેમજ સ્થાનિક લોકોએ



રાહતનો શ્વાસ લીધો હતો તેમ જાણવા મળે છે. અકસ્માત થતા મોટું લોકટોળુ એકત્ર થયું હતું. કીમ પોલીસ ઘટના સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...
આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808



કન્ટ્રકશન ના બાંધકામ માટે સંપર્ક કરો...!!!
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).